



## ઉનાવા પાસે ગમખ્વાર અકસ્માત : ચાર વાહનો ટકરાયા

ગાંધીનગર નજીક ઉનાવા ગામના પાટીયા પાસે સમી સાંજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક સાથે ચાર વાહનો ધડાકાભેર એક જ અકસ્માતમાં ટકરાયા હતા. વર્નાકાર, બાઈક, આઈશર ટ્રક અને ટેમ્પો ચારેય વાહનો એક બીજા સાથે ટકરાતા સર્જાયેલા આ ગમખ્વાર અકસ્માતમાં બે ઘાયલ થયા છે જ્યારે એકનો પગ છુંદાઈ ગયો હોવાનું જાણવા મળ્યુ છે. સદ્‌ભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. ગાંધીનગર ફાયરબ્રીગેડને ઘટનાનો કોલ મળતા ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફસાઈ ગયેલા યુવાનને બહાર નીકાળી બચાવી લેવામાં આવ્યો હતો.

# રાજ્યમાં એક લાખ કરતાં વધુ લોકો સામે અટકાયતી પગલાં લેવાયા : મોહન ઝા

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ નિષ્પક્ષ વાતાવરણમાં થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ૧,૧૮,૮૨૪ વ્યક્તીઓ સામે વિવિધ જોગવાઈઓ હેઠળ અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. પોલીસના નોડલ ઓફિસર મોહન ઝાએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે રાજ્યમાં દારૂબંધીના કાયદાનો અમલ પણ ચુસ્તતાથી થાય તે માટે તંત્ર દ્વારા સઘન ઝંબેશ ચલાવવામાં આવી રહી છે. તેમણે સ્વીકાર્યુ હતુ કે વલસાડ, નવસારી, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી દારૂ વધુ પકડાયો છે.



ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે ચૂંટણી તંત્ર તથા જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા આગોતરા પગલાં લેવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં કુલ ૫૬,૪૮૭ પરવાનેદાર હથિયારધારકો છે. જે પૈકી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે રચાયેલી સ્થાનિક રિવ્યુ કમિટિ દ્વારા સમીક્ષા બાદ કુલ ૫૦,૫૮૯ પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવ્યા છે. રાજ્યમાં ચૂંટણી સંબંધી તકેદારીના પગલાંના ભાગરૂપે પોલીસતંત્ર દ્વારા કુલ ૪૦,૯૩૦ બિનજામીનપાત્ર વોરંટની બજવણી કરવામાં આવી છે.

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી ત્યારથી અત્યાર સુધીમાં તંત્ર દ્વારા પાડવામાં આવેલા દરોડામાં દેશી-વિદેશી દારૂ તેમજ તે કેસમાં જપ્ત વાહનો-અન્ય સામગ્રી મળી કુલ રૂ. ૩૫,૪૧,૧૧,૫૯૭ની રકમનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. નશાબંધીના ૨૨,૦૪૩ કેસોમાં કાર્યવાહી કરીને ૧૭,૮૮૬ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત, ગુજરાત નશાબંધી એક્ટ હેઠળ ૨૧,૮૫૭ કેસ નોંધીને કાર્યવાહી કરવામાં આવી છે. જ્યારે ક્રિમીનલ પ્રોસીઝર કોડની વિવિધ કલમ અન્વયે કુલ ૧,૧૮,૮૨૪ વ્યક્તિઓ સામે અટકાયતી પગલાં લેવાયા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આપણે ચૂંટણી પ્રચાર માટે જાદુગરનો ઉપયોગ પબ્લિકનાં મનોરંજનની જગ્યાએ જુદો કરવો છે... વિરોધ પક્ષનાં નેતાને જ ગાયબ કરી દે એવા જાદુગર લાવો...

# રાજ્યમાં નિરીક્ષકોની સંખ્યામાં ચૂંટણી પંચે વધારો કર્યો છે

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ ચૂંટણીપંચે સામાન્ય નિરીક્ષકો અને ખર્ચ નિયંત્રણ પરના નિરીક્ષકોની સંખ્યામાં વધારો કર્યો છે.

વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે ૩૩ સામાન્ય નિરીક્ષકો તથા ૧૩ જેટલા ખર્ચ પર દેખરેખ રાખવા માટેના નિરીક્ષકો વધાર્યા હોવાનું રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વૈને આજે પત્રકારોને જણાવ્યુ હતુ. અગાઉ પણ અમે કહ્યું હતુ કે પંચ નિરીક્ષકોની સંખ્યામાં વધારો કરી શકે છે. તેમણે જણાવ્યુ કે ખર્ચ નીરીક્ષકો અને સામાન્ય નિરીક્ષકો રાજ્યમાં આવી પહોંચ્યા છે અને તેમણે તેમની કામગીરી પણ આરંભી દીધી છે.

ભારતના ચૂંટણી પંચે રાજ્યમાં ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ રાખવા માટે પ્રથમ અને દ્વિતીય તબક્કાની ચૂંટણી માટે ૭૯ ખર્ચ નિરીક્ષકો અને ૧૧૨ સામાન્ય નિરીક્ષકો એમ કુલ ૧૯૧ નિરીક્ષકો ફાળવ્યા છે. જેમાં પ્રથમ તબક્કામાં ૫૭ સામાન્ય નિરીક્ષકો અને ૩૯ ખર્ચ નિરીક્ષકો તથા દ્વિતીય તબક્કામાં ૫૫ સામાન્ય નિરીક્ષકો અને ૪૦ ખર્ચ નિરીક્ષકોની ફાળવણી કરવામાં આવી છે.

# રાજ્યમાં આચારસંહિતા ભંગની ૬૬ ફરિયાદો મળી છે : સ્વૈન

ગાંધીનગર, તા. ૨૨

પ્રદેશ કોંગ્રેસ સમિતિએ તેના લેટરપેડનો તેમજ પ્રદેશ પ્રમુખની બનાવટી સહિ કરી ઉમેદવારોની યાદી ફરતી કરવામાં આવી હોવાની ફરિયાદ ચૂંટણી પંચનો ભંગની ફરિયાદો પર પંચ તપાસ કરી રહ્યુ જ છે. તેમણે પદ્માવતી ફિલ્મ પર બાન મુકવાની વાત અંગે કહ્યુ હતુ કે તેઓ આ મુદ્દે હાલ કશુ કહી શકે તેમ નથી.

રાજ્યભરમાંથી વિવિધ



આચારસંહિતા ભંગ માટેની મળી છે અને તે અંગે તપાસ ચાલી રહી છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વૈને આજે જણાવ્યુ હતુ કે આચારસંહિતા સંસ્થા-અરજદારો દ્વારા આચારસંહિતા અંગેની ૬૬ રજૂઆતો મળી છે. જેમાંથી ૩૩ રજૂઆતોનો નિકાલ કરવામાં આવ્યો છે. જ્યારે અન્ય રજૂઆતોનો નિકાલ કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

ચૂંટણીમાં મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને ફરજ પર લેવા અંગે તેમણે કહ્યુ હતુ કે આ અંગે જિલ્લા કલેક્ટરો પાસેથી વિગતવાર અહેવાલો માંગવામાં આવ્યા છે અને એકાદ બે દિવસમાં તે અંગે નિર્ણય લેવામાં આવશે. હોમગાર્ડએ સરકારી કર્મચારી નહિ હોવા છતાં પણ તેમને ફરજ સોંપવામાં આવે છે એટલે એવુ નથી કે ફરજ સોંપી ના શકાય.

# જન વિકલ્પ મોરચો અને ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના ૬૯ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતમાં પ્રથમ તબક્કાની ચુંટણી માટે ઉમેદવારોને ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હતો. વિવિધ રાજકીય પક્ષોના કુલ ૧૭૦૩ ઉમેદવારોએ પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો માટે ઉમેદવારી નોંધાવી છે. ત્યારે શંકરસિંહ વાઘેલા બાપુના જન વિકલ્પ મોરચો કે જેમાં જન વિકલ્પ પાર્ટી અને ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન પાર્ટી ઘટક પાર્ટીઓ છે. ઉમેદવારો ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટીના ચુંટણી ચિન્હ ટ્રેકટર ચલાવતો કિસાન છે. આ ચિન્હ પર પ્રથમ તબક્કામાં આયોજીત ચુંટણી માટે ૬૯ ઉમેદવારોએ જન વિકલ્પ પાર્ટી તરફથી ઉમેદવારી નોંધાવી છે. જયારે જન વિકલ્પના બીજા પાંચ ઉમેદવારોને મેન્ડેટ સમયસર ન મળતા તેઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. બાપુની પાર્ટીના ૭૪ ઉમેદવારો પ્રથમ તબક્કાની ચુંટણીમાં બરાબરીનો જંગ જામશે. જયારે બે ભાજપ અને બે કોંગ્રેસ બેઠક માટે બાપુએ પોતાના ઉમેદવાર ઉભા રાખ્યા નથી. જેમાં ભાજપમાં રાજકોટ અને ભાવનગર બેઠક માટે તેમજ કોંગ્રેસ માટે માંડવી અને અમરેલી બેઠક મળીને કુલ ગેસ્ચરમાં છોડી છે. પ્રથમ બેઠક માટેના ફોર્મ ભરાઈ જતા ચુંટણી પ્રચારના પડઘમ શરુ થશે. રાજકીય પક્ષના ઉમેદવારો જીતવા માટે એડીચોટીનું જોર લગાવશે. મતદારોને મનાવવા માટે રાત દિવસ એક કરશે. રેલીઓ સભાઓ અને રાજકીય નેતાઓના આગમનથી ગુજરાત વાયબ્રન્ટ બનશે. ઠંડીના ચમકારા વચ્ચે પણ રાજકીય ગરમાવો જામશે.



## ચિલોડા વિસ્તારમાં રવિ સિઝનની વાવણીનો પ્રારંભ પૂરજોશમાં

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ધીમે ધીમે શિયાળાની ઠંડીના ચમકારાનો અહેસાસ થઈ રહ્યો છે ત્યારે ચિલોડા વિસ્તારમાં શિયાળાની રવિ સિઝનના વાવેતર માટે ખેડૂતો ઘઉં, બટાકા, શાકભાજી (ભીંડા)ની વાવણી કરવા પૂર્વ તૈયારી રૂપે વ્યસ્ત બન્યા છે. હાલમાં દર વર્ષે ચિલોડા પંથકમાં મગોડી, ઈસનપુર મોટા, નાંદોલ, દહેગામ, શિવપુરા કંપા વગેરે ગ્રામ્ય વિસ્તારમાં બટાકાની નગરી તરીકે પંકાયેલા છે ત્યારે આ પંથકમાં ખેડૂતો બટાકાનું બિયારણ ખેડ-પાણી વગેરેથી સજ્જ બની વધુ પ્રમાણમાં વાવેતર કરવા મશગુલ બન્યા છે.

# ગાંધીનગર દક્ષિણ બેઠક પર બસપામાંથી પિયુષ જાદુગરે ઉમેદવારી નોંધાવી

ગુજરાતમાં રાજકીય ગરમાવો બરાબરનો જામ્યો છે. આજે પ્રથમ તબક્કાની ચુંટણી માટેના ફોર્મ ભરાઈ ગયા છે. વિવિધ રાજકીય પાર્ટીના ૧૭૦૩ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. ત્યારે બીજા તબક્કામાં આવતી ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠક માટે ભાજપ કે કોંગ્રેસમાંથી ઉમેદવારો જાહેર થયા નથી. કયા ઉમેદવારને મુકવા તે બંન્ને પાર્ટી માટે અસંમજસ છે.ત્યારે ગઈકાલે બીજા તબક્કાની ચુંટણી માટે સમગ્ર ગુજરાતમાં ૧૧ ફોર્મ ભરાયા હતા. જયારે આજે ૧૭ ઉમેદવારોએ ફોર્મ ભરીને ઉમેદવારી નોંધાવી છે. બીજા ચરણની ચુંટણી માટે ૨૮ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.ત્યારે બહુજન સમાજ પાર્ટી તરફથી આજે ગાંધીનગર દક્ષિણ



બેઠક માટે પિયુષ ચતુરભાઈ જાદુગરે પોતાની ઉમેદવારી નોંધાવી છે. પિયુષ જાદુગર ચાંદખેડામાં પરિવાર સાથે વસવાટ કરે છે અને ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત કરે છે.ત્યારે ગાંધીનગર દક્ષિણ બેઠક પર કશ્મકશનો જંગ જામશે. રાજકીય પક્ષોના ઉમેદવારોની સાથેસાથે અન્ય પક્ષના ઉમેદવારો પણ કયારેક નિર્ણાયક સાબિત થાય છે. જયારે કલોલ બેઠક પરથી આપણી સરકાર નામના પક્ષમાંથી ઓઝા અજીતાબેન વિઠ્ઠલભાઈએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. જિલ્લાની બેઠકો પર ઉમેદવારોની સંખ્યા વધતા રાજકીય પક્ષોના ઉમેદવારોની ચિંતામાં પણ વધારો થાય છે.



## સેકટર-૨૭ ખાતે શકિત કેન્દ્ર અને પેજ પ્રમુખની બેઠક યોજાઈ

ભાજપ દ્વારા ઘર ઘર સંપર્ક કાર્યક્રમ અંતર્ગત રંગમંચ સેકટર-૨૭ ખાતે શકિત કેન્દ્ર અને પેજ પ્રમુખની બેઠક કરવામાં આવી હતી. જેમાં ચુનાવી સહયોગી શ્રવનકુમારસિંહજી, પ્રભારી ગીરીશભાઈ, મહાનગર પ્રમુખ મહેન્દ્રભાઈ દાસ, ઉપપ્રમુખ ઉરેન પટેલ, વોર્ડ નં- પ્રમુખ ધર્મેન્દ્રભાઈ, મહામંત્રી ઉમેશ જહા અને સૌ પેજ પ્રમુખો હાજર રહ્યા હતા. અને સૌને તેઓનું પેજ આપી તે પેજમાં રહેતા સૌ કુંટુબનો સંપર્ક કરી તેઓને ભાજપ તરફી મતદાન કરવા આહવાન કરવા અને નરેન્દ્રભાઈ મોદીની વિકાસગાથા રજુ કરવાનું જણાવ્યું હતું. ગાંધીનગર ઉતર વિધાનસભા-૩૬માંથી ભાજપનું કમળ વિધાનસભામાં મોકલવા અને જો કોઈ પણ ઉમેદવાર આવે તેને જંગી બહુમતીથી જીતાડવા સહકાર આપી અને સૌથી વધારે લીડ વોર્ડ નં-૧ માંથી આપવા કમર કસવાની વાત કરી હતી.

# ગુજરાતમાં ૩૫ લાખ બેરોજગારો ગપ્પા નહીં, વાસ્તવિક્તા છે : ડૉ. હિમાંશુ પટેલ

### રોજગાર કચેરીમાં નોંધાયેલા ૭ લાખ બેરોજગારો ઉપરાંત છેલ્લા પાંચ વર્ષમાં બંધ થયેલી ફેક્ટરીઓ અને ઉદ્યોગો ઉપરાંત જીએસટીના કારણે બેરોજગારોની સંખ્યા ૩૫ લાખથી વધારે

અમદાવાદ, તા. ૨૨

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં ૩૫ લાખ બેરોજગાર હોવાની કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ કરેલી વાતને ગપ્પા કહી યુવાનોની ક્રુર મજાક કરી છે. મુખ્યમંત્રીના આ ગપ્પાને પડકાર ફેંકતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતની રોજગાર કચેરીમાં નોંધાયેલા ૭ લાખ જેટલા બેરોજગારો ઉપરાંત છેલ્લા પાંચ વર્ષમાં બંધ થયેલી ફેક્ટરીઓ અને ઉદ્યોગોના ૨૦ લાખ બેરોજગાર ઉપરાંત નોટબંધી અને જીએસટીના કારણે બીજા ૧૦ લાખ જેટલા યુવાનો બેરોજગાર થયા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, શિક્ષિત બેરોજગારો અને યુવાનોની હાલાકીને મજાકમાં ઉડાવી ગપ્પાબાજી કરતાં રબ્બર સ્ટેમ્પ મુખ્યમંત્રી રૂપાણી ભાજપને વિજય અપાવી શકે તેમ નથી. વાસ્તવમાં ગુજરાત રાજ્યમાં આજના દિવસે ૩૫ લાખ જેટલા બેરોજગારોને જીવનનિર્વાહ માટે ફાંફા પડી રહ્યા છે. જેમાં ગુજરાત સરકાર દ્વારા પ્રકાશિક સ્ટેટેસ્ટિકલ આઉટલાઈન ગુજરાત સ્ટેટ – ૨૦૧૬ બુક જે રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. તેમાં બેરોજગારોની નોંધાયેલી સંખ્યા ૬,૭૭,૪૪૮ છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૪માં ૧૧,૮૭૩ ફેક્ટરીઓ બંધ થઈ હતી. સરકારી આંકડા પ્રમાણે દરેક ફેક્ટરી સરેરાશ ૫૨.૮૧ માણસોને રોજગારી આપે છે. આ ફેક્ટરીઓ બંધ થતાં બેરોજગાર થયેલ લોકોની સંખ્યા ૧૧,૮૭૩ ૮ ૫૨.૮૧ = ૬,૨૭,૦૧૩ થાય છે. એ જ રીતે વર્ષ ૨૦૧૫માં ૧૧,૯૩૩ ફેક્ટરી બંધ થતાં સરેરાશ ૫૨.૮૧ માણસોને રોજગારી પ્રમાણે ૬,૩૦,૧૮૧ લોકો બેરોજગાર થયા છે. આમ બે વર્ષમાં જ કુલ બેકારોની સંખ્યા ૧૯,૩૪,૬૪૨ થઈ ગઈ છે.

સરકારી આંકડા દર્શાવે છે કે, દર વર્ષે ૧૧ હજારથી પણ વધુ ફેક્ટરીઓ બંધ થઈ રહી છે. આ સંખ્યા નોટબંધી અને જીએસટી પહેલાની છે. નોટબંધી અને જીએસટી આવ્યા પછી અનેક ફેક્ટરીઓ બંધ થઈ ગઈ છે અને તેમાં ૧૦ લાખ યુવાનો બેકાર થયા છે. આ બેકારોમાં વર્ષ ૨૦૧૬માં ઉમેરાયેલા બેકારોનો સમાવેશ નથી. તેમજ નોટબંધી અને જીએસટીના લીધે બેકાર થયેલ લાખ્ખો યુવાનોનો સમાવેશ પણ કરવામાં આવેલ નથી. નોટબંધી અને જીએસટી પછી કેટલી ફેક્ટરીઓ બંધ થઈ તેનો સાચો આંકડો સરકાર આપે તો ભાજપના પગ નીચેથી ધરતી ખસી જાય તેવી પરિસ્થિતિ હોવાથી ભાજપ તેના ગાંડા વિકાસનો પાંગળો બચાવ કરી રહી છે.

# મુખ્યમંત્રીના નિર્ણયને રાજપુત સમાજે બિરદાવ્યો, આભારની લાગણી વ્યકત કરી

પદ્માવતી ફીલ્મને અનુલક્ષી છેલ્લા ઘણાં સમયથી વિવાદનો મધપુડો છંછેડાયેલો છે. રાજપુત સમાજ દ્વારા અત્યાર સુધી ફિલ્મના રીલીઝ ન કરવાની માંગ સાથે પ્રચંડ વિરોધ દાખવવામાં આવ્યો છે. અગાઉ રાજપુત સમાજે સંગઠીત થઈ પોતાની લાગણી દુભાઈ હોવાની સાથે સરકારને આ ફિલ્મને પ્રદર્શિત થતી અટાકાવવા મટે બુલંદ અવાજે માંગ કરી હતી. જો કે આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં વિવાદો પુરા ન થાય ત્યાં સુધી પદ્માવતી ફિલ્મ ગુજરાતમાં નહીં દેખાડાયે તેમજ રાજયમાં કાયદો અને વ્યવસ્થા ખોરવાઈ નહીં તે માટે આ ફિલ્મને રીલીઝ કરવા સામે રોક લગાવી દેવાનો નિર્ણય જાહેર કર્યો છે. ગાંધીનગર રાજપુત સમાજે આ નિર્ણયને આવકારી મુખ્યમંત્રીનો આભાર માન્યો છે. રાજપુત સમાજના પ્રમુખ શંકરસિંહ રાણાએ પણ મુખ્યમંત્રીના આ નિર્ણયને આવકારી રાજપુત સમાજ વતી અભિનંદન પાઠવ્યા છે.

# રામદેવ મસાલાની ઔદ્યોગિક મુલાકાતે બીબીએના વિદ્યાર્થીઓ

ગાંધીનગરની બીબીએ કોલેજના ૬૬ વિદ્યાર્થીઓએ અમદાવાદ સ્થિત રામદેવ મસાલા કંપનીની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓમાં ઔદ્યોગિક ક્ષેત્રની કામગીરીનું વ્યવાહિક જ્ઞાન પ્રાપ્ત થાય તેમજ તેમના કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદની રામદેવ મસાલા કંપની અત્યારની પ્રતિષ્ઠિત કંપનીઓમાં નામના ધરાવે છે અને કંપનીમાં ૧૪૦૦ જેટલા કર્મચારીઓ કાર્યરત છે. આશરે ૩૫ જેટલા દેશોમાં ૧૫૦ જેટલા મસાલા સહિત લગભગ ૬૫૦ જેટલી પ્રોડક્ટ્સની નિકાસ કરતી કંપનીમાં ગાંધીનગરના બીઝનેસ એડમિનીસ્ટ્રેશનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ઔદ્યોગિક એકમની કામગીરી પ્રત્યક્ષ નિહાળી તેને સમજવાનો લ્હાવો પ્રાપ્ત થયો હતો. આ મુલાકાતમાં વિદ્યાર્થીઓએ પ્લાન્ટ વિશે ટેકનિકલ માહિતી તથા મશીનરી અને તેના ઉપયોગ અંગે માહિતી પ્રાપ્ત કરી હતી. વળી, વિદ્યાર્થીઓને ફાઈનાન્સ, એચઆર, એકાઉન્ટ-ઓડિટ તથા માર્કેટીંગ જેવા વિભાગોની પણ મુલાકાત કરાવી કાર્યપદ્ધતિ સમજાવાઈ હતી. આ મુલાકાતને સફળ બનાવવા કોલેજના આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ-ટ્રેનિંગ સમિતિના ઈન્ચાર્જ ડૉ. જયેશ તન્ના તથા પ્રો. માર્ગી દેસાઈ અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.